આકાશવાણી, અમદાવાદ

16-11-2026 Midday: 2.30 to 2.35 PM

Monday Regional News

CM SABARMATI RIVERFRONT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના ફેઝ-2 અને ફેઝ-3ના વિવિધ પ્રકલ્પોની સ્થળ મુલાકાત કરીને સમીક્ષા હાથ ધરી હતી. મુખ્યમંત્રીએ પશ્ચિમ કાંઠે અચેરથી પૂર્વ કાંઠે કેમ્પ સદર બજાર વચ્ચે છ લેનનો બેરેજ કમ બ્રીજ, સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-2 અંતર્ગત સરદાર પટેલ એન્ક્લેવ કેનોપી સ્ટ્રક્ચર, કોટેશ્વર મહાદેવ મંદિર પાછળ અને ઈન્દિરા બ્રીજની નીચેના વિસ્તારમાં ચાલી રહેલી કામગીરી તેમજ સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-૩ અંતર્ગત સાબરમતીના પશ્ચિમ છેડા તરફ કોતરપુર સામે અને પૂર્વ તરફ કરાઈ નજીક નર્મદા કેનાલ એસ્કેપ પાસે કામગીરીની પ્રગતિનું નિરીક્ષણ કરીને ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા હાથ ધરી હતી. મુખ્યમંત્રીએ કામની પ્રગતિનો તાગ મેળવીને ઝડપી કામગીરીની અધિકારીઓને તાકિદ કરી હતી.

CM JALARAM BAPA JAYANTI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જલારામ બાપાની 227-મી જન્મજયંતી નિમિત્તે અમદાવાદના મેમનગર ખાતે યોજાયેલી ભવ્ય શોભાયાત્રા અને મહોત્સવમાં જોડાયા. શ્રી પટેલે સંત જલારામ બાપાના દર્શન અને પૂજા-અર્ચના કરી રાજ્યની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. શ્રી પટેલે સિનિયર સિટીઝન ગૃપ દ્વારા કરાતી વિવિધ સામાજિક, ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓની પણ પ્રશંસા કરી.

મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા સંદેશ પર સૌને શુભેચ્છાઓ પાઠવતા લખ્યું, ભૂખ્યાને ભોજન અને દીન-દુઃખીની સેવાને જ પ્રભુભક્તિ માનનારા સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની જન્મજયંતીએ કોટિકોટિ વંદન. વીરપુરમાં બાપાએ પ્રગટાવેલી સદાવ્રતની જ્યોત આજે પણ આપણને સૌને સેવા અને સમરસતાનો સંદેશ આપે છે.

અમદાવાદમાં પાલડીના જલારામ મંદિરમાં આજે વિવિધ કાર્યક્રમ, પ્રાર્થના અને વિશેષ ઉત્સવનું આયોજન કરાયું હોવાનું મંદિરના પૂજારીએ જણાવ્યું.

સુરેન્દ્રનગરમાં શ્રી સમસ્ત લોહાણા મહાજન તથા શ્રી લોહાણા યુવક મંડળ દ્વારા જલારામ બાપાની જન્મજયંતી નિમિત્તે સવારે પાદુકા પૂજન કરાયું. સાંજે અન્નકૂટ, સત્સંગ, મહાઆરતી, સાધુસંતોનો ભંડારો અને સમૂહ પ્રસાદનું આયોજન કરાયું છે. તો, મોરબીમાં જલારામ બાપાની જન્મજયંતીની ઉજવણી નિમિત્તે ભક્તોમાં કેકનું વિતરણ કરાયું.

ACCIDENT IN STATE

કચ્છ અને મોરબીમાં જુદાજુદા માર્ગ અકસ્માતમાં ચાર લોકોનાં મોત થયા છે. કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે, અંજારના અજાપર નજીક ટ્રક સાથેના અકસ્માતમાં મોટરસાયકલ પર સવાર ત્રણ યુવકના મોત નીપજ્યા છે. આ અંગે અંજાર પોલીસે વધુ તપાસ હાથ ધરી.
જ્યારે અકસ્માતની બીજી ઘટના તાપીમાં સર્જાઈ. એક મોપેડચાલક ડિવાઈડર સાથે અથડાતા તેની પર સવાર એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે, વ્યારા તાલુકાના તાડકુવા નજીક રાજમાર્ગ પર આ દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત એક વ્યક્તિને હૉસ્પિટલ દાખલ કરાયા છે.

NATIONAL PRESS DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પત્રકારોને રાષ્ટ્રીય પ્રેસ દિવસની શુભકામનાઓ પાઠવી. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે લખ્યું, સમાજ સુધી માહિતી પહોંચાડીને જનજાગૃતિ કેળવવામાં અને લોકશાહીને સુદૃઢ બનાવવામાં પત્રકારોનું યોગદાન મહત્વનું છે. વિકસિત ગુજરાત અને વિકસિત ભારતની યાત્રામાં આપની સકારાત્મક અને જવાબદાર ભૂમિકા સદાય પ્રેરક બની રહે તેવી તેમણે શુભેચ્છા પાઠવી હતી.

JAMNAGAR AIR FORCE EXCERSIES

જામનગરમાં આવતીકાલથી ત્રી દિવસીય આકાશી કવાયત સહાયતા સેતુ શરૂ થશે જેમાં દેશની વિવિધ આપત્તકાલીન વિભાગો, વિદેશી પ્રતિનિધિઓ અને આર્મી એરફોર્સ અને નેવીના જવાનો જોડાશે...આ અવકાશી કવાયત 19 નવેમ્બર 2026 દરમિયાન જામનગરના એરફોર્સ સ્ટેશન ખાતે યોજાશે..ભારતીય સંરક્ષણ દળો, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (NDMA), ભારતીય કોસ્ટ ગાર્ડ અને મિત્ર વિદેશી દેશોને એકસાથે લાવીને, આ કવાયતનો હેતુ આપત્તિ પ્રતિભાવમાં સંયુક્ત તૈયારી અને સંકલનને મજબૂત બનાવવાનો છે.

UNJHA MARKET YARD

નવા વર્ષે મહેસાણામાં ઊંઝા માર્કેટ યાર્ડ ફરી શરૂ થયું. યાર્ડમાં હાલ જીરુંની 25 હજાર બોરીની આવક નોંધાઈ છે. ખેડૂતોને જીરુંનો ચાર હજાર 400 રૂપિયાથી લઈ પાંચ હજાર 940 રૂપિયા સુધીનો ભાવ મળી રહ્યો છે. ઉપરાંત વિસનગર માર્કેટ યાર્ડમાં વરિયાળી અને ઈસબગુલની પણ મબલખ આવક શરૂ થઈ છે.

U19 ASIA CUP GUJ PLAYER

ભારતીય ક્રિકેટ ટીમે પાકિસ્તાનને હરાવી અંડર 19 એશિયા ક્રિકેટ કપનો ખિતાબ જીત્યો છે. ઓમાનમાં રમાયેલા આ મુકાબલામાં ગુજરાતના ખેલાડી કાવ્ય પટેલે ભારતીય ટીમને આ જીત અપાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. આ વિજય શાનદાર રહ્યો હોવાનું ક્રિકેટર કાવ્ય પટેલે જણાવ્યું.